બીમાર- ઘાયલ પશુઓની સારવાર કેમ્પ, તાલીમ શિબિરો, જાગૃતિ શિબિરો યોજાશે

જામનગર જિલ્લામાં ૧૩મી ફેબ્રુઆરી સુધી ઉજવાશે પશુપાલન અને પ્રાણી કલ્યાણ જાગૃતિ માસ

ખાદ્યચીજો સાથે પ્લાસ્ટિકની કોથળીઓ નહીં નાખવા અપીલ

જામનગર તા. ૧૫: જામનગર જિલ્લામાં તા.૧૪ જાન્યુઆરીની શરૂ થયા પછી હવે ૧૩ ફેબ્રુઆરી સુધી પશુપાલન અને પ્રાણી કલ્યાણ જાગૃતિ માસ-૨૦૨૬ની ઊજવણી કરવામાં આવશે. પશુપાલન સંસ્થાઓ દ્વારા બીમાર અને ઘાયલ પશુઓ માટે સારવાર કેમ્પ તથા લોકોને પ્રાણી કલ્યાણના મુદ્દાઓ અંગે જાગૃતિ લાવવા માર્ગદર્શન આપવામાં આવશે

જામનગર જિલ્લામાં દર વર્ષની જેમ આ વર્ષે પણ તા. ૧૪/૦૧/૨૦૨૬ થી તા.૧૩/૦૨/૨૦૨૬ સુધી 'પશુપાલન અને પ્રાણી કલ્યાણ જાગૃતિ માસ-૨૦૨૬ની ઉજવણી કરવામાં આવી રહી છે. આ આખા મહિના દરમિયાન જામનગરની પ્રાણી કલ્યાણ સંસ્થાઓ અને સંબંધિત લોકો દ્વારા પ્રાણી કલ્યાણનો પ્રચાર તથા પશુપાલન અને પ્રાણી કલ્યાણ જાગૃતિ માસ-૨૦૨૬ની ઉજવણી કરવા નાયબ પશુપાલન નિયામકે જણાવ્યું કે આ સમય દરમ્યાન પશુપાલન ખાતા/સંસ્થાઓ દ્વારા બીમાર અને ઘાયલ પશુઓ માટે સારવાર કેમ્પ, વંધ્યત્વ નિવારણ કેમ્પ, એન્ટી રેબીસ કંટ્રોલ પ્રોગ્રામ, તાલીમ, શિબિર કરવામાં આવનાર છે. જેમાં પ્રાણી કલ્યાણ અને પ્રાણીઓ પ્રત્યે પ્રેમ, પ્રાણી કલ્યાણ તથા પ્રાણી ક્રુરતા નિવારણ અંગેના કાયદા, દયા રાખવા મહત્ત્વ આપવું અને પ્રાણીઓની આપણા જીવનમાં ઉપયોગીતા વિશે ચર્ચાઓ તેમજ સૂચન તથા માર્ગદર્શન આપવામાં આવશે.

રસ્તામાં રખડતા પ્રાણીઓ ખોરાકમાં પ્લાસ્ટિકની કોથળીઓ ખાય છે. તેથી આવી કોથળીઓ ખાવાના કારણે પશુના આરોગ્યને ખૂબજ નુકસાન થાય છે. કેટલાક સંજોગોમાં પશુનું મૃત્યુ પણ થવાની શક્યતા રહેલ છે. માટે સૌ નાગરિકો ઘરનો કચરો, રસોડાનો વધેલો ખોરાક એઠવાડ પ્લાસ્ટિકની કોથળીમાં ભરીને જાહેર રસ્તા પર ન ફેંકવા તેમજ ફળો અને શાકભાજીના વેપારીઓ દ્વારા વપરાતી પ્લાસ્ટિકની થેલીઓ કચરા સાથે ન નાંખવા સભ્યસચિવ પ્રાણી ક્રુરતા નિવારણ સોસાયટી તથા નાયબ પશુપાલન નિયામક જિલ્લા પંચાયત જામનગરની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

તલગાજરડામાં શિક્ષણ, સંસ્કાર, સેવાનો ત્રિવેણી સંગમ

જામનગરના પસાયાના શિક્ષક સહિત ૩૭ શિક્ષકોને મોરારિબાપુના હસ્તે "ચિત્રકૂટ" એવોર્ડ એનાયત

ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના તલગાજરડા ગામમાં મકરસંક્રાંતિના દિવસે શિક્ષણ, સંસ્કાર અને સેવા ભાવનાનો ત્રિવેણી સંગમ સર્જાયો હતો. સુપ્રસિદ્ધ સંત કથાકાર મોરારિબાપુના હસ્તે રાજ્યના ૩૭ શ્રેષ્ઠ પ્રાથમિક શિક્ષકોને 'ચિત્રકૂટ' એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતાં, જેમાં જામનગર જિલ્લાની પસાયા તાલુકા શાળાના શિક્ષક છગનભાઈ નિમાવતનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં રાજ્યના કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણી અને રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ દિગુભા જાડેજા પણ ઉપસ્થિત રહ્યા હતાં. આ અવસરે મહુવા તાલુકા શિક્ષણ સંમેલન યોજાયું હતું, જ્યાં મહુવા તાલુકાના ૧૩ નિવૃત્ત શિક્ષકો માટે વિદાય સમારોહ યોજાયો હતો.

શ્રી શંકરાચાર્ય જનરલ હોસ્પિટલ અને ઈંટ્રા દ્વારા

વરવાળામાં આગામી શનિવારે વિનામૂલ્યે આયુર્વેદ સર્વરોગ નિદાન કેમ્પ

દ્વારકા તા. ૧૫: શ્રી દ્વારકા શારદાપીઠાધિશ્વર જગદ્ગુરુ શંકરાચાર્ય સ્વામી શ્રી સદાનંદ સરસ્વતીજી મહારાજ પ્રેરિત શ્રી જનરલ આયુર્વેદ હોસ્પિટલ, વરવાળા અને ઈંટ્રા (જામનગર આયુર્વેદ હોસ્પિટલ) આયુષ મંત્રાલય ભારત સરકારના સંયુક્ત ઉપક્રમે તા. ૧૭ ને શનિવારે સવારે ૧૦ થી ૧ વાગ્યા સુધી ટી.બી. સેનેટોરિયમ બિલ્ડિંગ વરવાળામાં વિનામૂલ્યે આયુર્વેદ સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. ઓખામંડળ તાલુકાના જરૂરતમંદ નવા-જુના તમામ પ્રકારના દર્દીઓને આ નિદાન શિબિરનો લાભ લેવા અનુરોધ છે.

ઈંટ્રા જામનગર (આયુષ મંત્રાલય ભારત સરકાર) ના જુદા જુદા રોગોના નિષ્ણાત આયુર્વેદ ડોક્ટરો સેવા આપશે અને ઉપલબ્ધ દવાઓ ઈંટ્રા તરફથી આપવામાં આવશે.

અત્રે ઉલ્લેખનિય છે કે, શ્રી વરવાળા ટી.બી. સેનેટોરિયમ સંચાલિત શ્રી શંકરાચાર્ય જનરલ નિઃશુલ્ક આયુર્વેદ ઔષધાલય, વરવાળામાં કાર્યરત છે. હાલમાં શિયાળાની ઠંડીએ જમાવટ કરેલ છે, ત્યારે શિયાળામાં શું શું ખાવું-પીવું વિગેરેની માર્ગદર્શન આપતી રસપ્રદ પત્રિકાઓ પણ આપવામાં આવશે.

ડબલ ટ્રેકની કામગીરીને કારણે

લાખાબાવળ અને પીપળી સ્ટેશનો પર કેટલીક ટ્રેનોના સ્ટોપેજ રદ

જામનગર તા. ૧૫: રાજકોટ ડિવિઝનના લાખાબાવળ-પીપળી-કાનાલુસ સેક્શનમાં ચાલી રહેલી ડબલ ટ્રેકની કામગીરીના કારણે તાત્કાલિક અસરથી ૧૦ ફેબ્રુઆરી ૨૦૨૬ સુધી કેટલીક ટ્રેનોના લાખાબાવળ અને પીપળી સ્ટેશનો પર નિર્ધારીત સ્ટોપેજ અસ્થાયી રૂપે રદ્દ કરવામાં આવ્યા છે. જેમાં ટ્રેન સંખ્યા ૧૯૨૦૯/૧૦ ભાવનગર-ઓખા-ભાવનગર એક્સપ્રેસ ટ્રેનનો તાત્કાલિક અસરથી લાખાબાવળ સ્ટેશન પર સ્ટોપેજ અસ્થાયી રૂપે રદ્દ રહેશે. ટ્રેન સંખ્યા ૫૯૫૫૨/૫૧ ઓખા-રાજકોટ-ઓખા લોકલ ટ્રેનનો લાખાબાવળ સ્ટોપેજ તેમજ ટ્રેન સંખ્યા ૧૯૨૧૦ ઓખા-ભાવનગર એક્સપ્રેસનો પીપળી સ્ટેશન પર સ્ટોપેજ અસ્થાયી રૂપથી બંધ રહેશે. અત્રે ઉલ્લેખનીય છે કે, ટ્રેન સંખ્યા ૧૯૨૦૯ ભાવનગર-ઓખા એક્સપ્રેસનું પીપળી સ્ટેશન પરનું સ્ટોપેજ ૧૬ જાન્યુઆરી ૨૦૨૬થી પુનઃ સ્થાપિત કરવામાં આવ્યું છે. આ સ્ટોપેજ રાબેતા મુજબ ચાલુ રહેશે.

સાત રસ્તા પાસે સ્કૂટરમાં આગ લાગી

જામનગર તા. ૧૫: જામનગરના સાત રસ્તા નજીક પડેલા એક સ્કૂટરમાં કોઈ રીતે આગ ભભૂકી ઉઠી હતી. ત્યાંના દુકાનદારોએ તેને બુઝાવવાનો પ્રયત્ન શરૂ કરી ફાયરબ્રિગેડને જાણ કરતા ધસી આવેલી ફાયરની ટીમે આગને કાબૂમાં લીધી હતી.

વન વિભાગના સહયોગથી

પ્રકૃતિ મિત્ર ગ્રુપ દ્વારા ઘાયલ પંખીઓની સારવાર

જામનગર તા. ૧૫: જામનગરમાં ગઈકાલે મકરસંક્રાંતિ પર્વ નિમિત્તે સરકારના કરૂણા અભિયાન અંતર્ગત જામનગર વન વિભાગના સહયોગથી પ્રકૃતિ મિત્ર ગ્રુપ દ્વારા પક્ષીઓની સારવાર માટેનો કેમ્પ યોજવામાં આવ્યો હતો. જેમાં પતંગના દોરાથી ઘાયલ થયેલા પક્ષીઓને રેસ્ક્યુ કરાયા પછી તેની સારવાર કરવામાં આવી હતી. આ સેવા કેમ્પમાં ખીજડીયાના આર.એફ.ઓ. દક્ષાબેન વઘાસીયાએ ટીમ સાથે કેમ્પની મુલાકાત લીધી હતી. અને પ્રકૃતિ મિત્ર સંસ્થાના સભ્યોએ પક્ષી બચાવ માટે જહેમત ઉઠાવી હતી.

રાષ્ટ્રીય ખેડૂત દિવસ નિમિત્તે

દ્વારકા જિલ્લા પંચાયતમાં પ્રાકૃતિક કૃષિ તાલીમ યોજાઈ

રાષ્ટ્રીય ખેડૂત દિવસ નિમિત્તે ખેડૂતો રાસાયણિક ખેતી ત્યજીને પ્રાકૃતિક કૃષિ કરવા તરફ પ્રેરાય તેવા ઉમદા આશ્રય સાથે જિલ્લા પંચાયત ખંભાળીયામાં પ્રાકૃતિક કૃષિ વિષયક તાલીમ યોજાઈ હતી. પ્રાકૃતિક કૃષિ અંગેની તાલીમમાં જિલ્લા વિકાસ અધિકારી એ.બી. પાંડોરે આજના આધુનિક સમયમાં પ્રાકૃતિક કૃષિ જરૂરિયાત અને ઝીરો બજેટ ખેતી પાછળ થતો ખર્ચ ઘટાડવા અને રાસાયણિક ખેતી ત્યજીને આરોગ્યપ્રદ ખેત પેદાશ ઉત્પાદન કરવા માટે પ્રાકૃતિક કૃષિના મહત્ત્વ વિશે માહિતી આપી હતી.

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં

ખેડૂતોને મગફળીની ખરીદી પછી સાત દિવસમાં પેમેન્ટના બણગાંનો ફિયાસ્કો: તંત્રની ઘોર ટીકા

સાત દિવસમાં ખેડૂતોને નાણાં નહીં ચૂકવાય તો દરેક જિલ્લામાં કિસાન કોંગ્રેસની આંદોલનની ચીમકી

ખંભાળિયા તા. ૧૫: ગુજરાતમાં રાજ્ય સરકાર દ્વારા ટેકાના ભાવે મગફળી ખરીદી કરવા કાર્યવાહી થઈ હતી તથા સમગ્ર રાજ્યમાં ખાલી દ્વારકા જિલ્લામાં જ ૧૨૦૦ કરોડ રૂપિયાની મગફળી સહિત રાજ્યમાં અબજો રૂપિયાની ટેકાના ભાવે મગફળી ખેડૂતોએ વેચેલ જેના પૈસા ના અપાતા ગુજરાત કિસાન કોંગ્રેસ પ્રમુખ પાલભાઈ આંબલિયા દ્વારા કૃષિ મંત્રીને લેખીત જાણ કરીને સાત દિવસમાં જો પૈસા નહીં મળે તો સમગ્ર ગુજરાતના તમામ જિલ્લાઓમાં આંદોલનની ચેતવણી આપી છે.

તેમણે જણાવેલ કે કૃષિ મંત્રી દ્વારા સાત દિવસમાં ટેકાના ભાવની મગફળીનું પેમેન્ટ ચૂકવાઈ જશે તેમ જણાવેલ પણ દોઢ-બે માસથી કંઈ અપાયું નથી. વેરહાઉસની રસીદો અપલોડ થઈ નથી જેવા બહાના કાઢીને ખેડૂતોને ચુકવણી ના થયાનું જણાવેલ છે. રસીદો અપલોડ કરવી તે કામ ખેડૂતોનું નહીં સરકારનું છે. ટેકા કેન્દ્રવાળા કામ કરે કે વેર હાઉસવાળા ખેડૂતોને તેનું કંઈ મતલબ નથી તાકીદે પૈસા આપવાની માંગ કરીને જો અઠવાડીયામાં નહીં ચુકવાઈ તો આંદોલનની ચીમકી પણ આપવામાં આવી છે. સરકારની કામગીરી સરકસ જેવી હોવાનો પણ કિસાન કોંગ્રેસ દ્વારા કટાક્ષ પણ કરવામાં આવેલો છે.

જામનગરમાં નુરી મહેફીલ

જામનગર તા. ૧૫: જામનગરમાં ચાંદીબજાર પાસે મતવા મસ્જિદમાં તા. ૧૬-૧-૨૦૨૬, શુક્રવારે જુમ્માના રજબી રાતના નુરાની રાત નિમિત્તે આખી રાત ઈબાદત, નફલ નમાઝો, દરૂદેપાક, આયતે કરીમા પઢીને વહેલી સવારે સહેરી કરીને રોઝો રાખશે. તા.૧૭-૧-૨૦૨૬ ના મગરીબ નમાઝમાં રોઝેદારો ઈફ્તાર કરશે, અને પ્યારા વતન દેશ માટે અમનો અમાન શાંતિ, પ્યાર-મહોબ્બત રહે, તમામ સુન્ની-મસ્જિદોમાં ખાસ દુઆઓ કરાશે. ગરીબો, અપંગોની મદદ કરવા મતવા મસ્જિદના ઈમામ હાજી અ.કાદર આરબ, આશાદિપ વિકલાંગ ટ્રસ્ટના પ્રમુખ સતારભાઈ દરજાદાએ જણાવ્યું છે.

જાહેર નિવીદા નં. ૦૭ સને ૨૦૨૫-૨૬
(ફક્ત નોંધાયેલા માન્ય વિદ્યુત ઈજારદારો માટે)

ગુજરાત રાજ્યના માર્ગ અને મકાન વિભાગના ઈજારદારોની માન્ય યાદીની યોગ્ય શ્રેણીમાં નોંધાયેલા માન્ય વિદ્યુત ઈજારદારો પાસેથી વીજળીકરણના રૂ. ૧૦.૦૦ લાખથી ઓછાના ૦૩ કામ માટે ફક્ત ઓનલાઈન ઈ-ટેન્ડર પધ્ધતિથી ટેન્ડર નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, વિદ્યુત મા. અને મ. પેટા વિભાગ, જીલ્લા સેવા સદન-૩, ત્રીજા માળ, જામનગર (ફોન નં. ૨૬૭૬૫૭૮) ક્વેરીએથી મંગવામાં આવેલ છે. કોઈપણ અથવા બધા ભાવપત્રકો કોઈપણ જાતના કારણો આપ્યા સિવાય રદબાતલ કરવાના સર્વ હકકો સક્ષમ અધિકારીશ્રીને અબાધીત રહેશે.

ઉપરોકત ટેન્ડર વેબસાઈટ ઉપર તા.૧૫/૦૧/૨૦૨૬ થી તા. ૨૭/૦૧/૨૦૨૬ સુધી ઉપલબ્ધ રહેશે. જેની વિગતવાર વિગતો ટેન્ડરની વેબસાઈટ https://reb.eprocure.com ઉપરથી મેળવી શકાશે.

માહિતી-જામ.-વ.જા.ખ./૮૬૩/૨૦૨૬

:: જાહેર નોટીસ ::

આથી સર્વેને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, શહેર જામનગરમાં, મહાનગર પાલિકાની હદમાં, બેડીગેઈટ રોડ ઉપર, દયારામ લાયબ્રેરીની બાજુમાં આવેલ જામનગર સિટી સર્વેના મુખ્યભાગ 'એ' ના શીટ નંબરઃ ૨ ના સિટી સર્વે નંબરઃ ૩૬૪ પૈકી પાર્ટ-બી વાળી ૨૮.૮૦ ચોરસ મીટર અર્થાત ૩૧૦.૧૦ ચોરસ ફુટ ક્ષેત્રફળ વાળી બાંધકામ સહિતની આકારી ૬૬૬ સાલેની રેસીડેન્શીયલ કમ કોમર્શિયલ પરપઝની જગ્યા ગ્રાઉન્ડ ફલોર તથા મેઝેનાઇન ફલોરમાં દુકાન ખાલી - બજરંગ કબજે તથા પ્રથમ માળે રહેણાંકની જગ્યા ભાડુઆતી કબજા વાળી જગ્યાના સ્વતંત્ર માલિક અને કબજેદાર પરમાનંદ નારણદાસ મંગે પાસેથી જે તે સ્થિતિમાં ખરીદ કરવા અમારા અસીલે ટાઇટલ કલીયરની શરતે ખરીદ કરવા મૌખીક સમજુતિ કરેલ છે.

સદરહુ જગ્યાની અસલ ફાઈલ "યશ બેંક લિમિટેડ"માં લોન લીધેલ હોય તારણમાં મુકેલ છે. તે લોન ભરપાઈ કરી આપવાની અને ટાઇટલ કલીયર કરાવી આપવાની શરતે અમારા અસીલે સદરહુ જગ્યા ખરીદ કરવા મૌખીક સમજુતિ કરેલ છે.

ઉપરોકત જગ્યા પરત્વેના કોઈના કાંઈ પણ વાંધા-તકરાર, લાગભાગ, હક્ક, હિસ્સો, અધિકાર, દર-દાવો, લેણું કે બોજો હોય કે ઉપરોકત જગ્યા ઉપર યશ બેંક લિમિટેડ સિવાય અન્ય કોઈનું લેણું, બોજો કે ચાર્જ હોય તો આ નોટિસ પ્રસિદ્ધ થયેથી **દિવસ-૭ (સાત)**માં લેખિત આધાર પુરાવા સાથે અમારી ઓફિસે રજુ કરવા અન્યથા મુદ્દત વિત્યે કોઈના કાંઈ વાંધા-તકરાર નથી અથવા હોય તો વેધવ (જતા) કરેલ છે તેવું માની અમારા અસીલ ટાઇટલ કલીયર થયે તેમનાં જોગનો રજીસ્ટર્ડ વેંચાણ દસ્તાવેજ કરાવી લેશે અને ત્યારબાદ કોઇના કાંઇપણ વાંધા-તકરાર ચાલશે નહિં તેની નોંધ લેશો.

જામનગર
તા.૧૫-૦૧-૨૦૨૬

એ. એમ. સત્યા - એડવોકેટ
તે અમારા અસીલની સૂચનાથી...

:: અમારા મારફત ::
એ. એમ. સત્યા - એડવોકેટ
પ્રથમ માળે, સજુબા ગર્લ્સ હાઈસ્કૂલની સામે, રણજીત રોડ, જામનગર-૩૬૧૦૦૧ :: મોબાઈલઃ ૯૮૨૪૮ ૦૧૪૮૬

:: જાહેર નોટીસ ::

આથી લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, શહેર જામનગરમાં, કામદાર કોલોની તરીકે ઓળખાતી જગ્યામાં આવેલ, રેવન્યુ સર્વે નંબરઃ ૧૦૮/૬ વાળી બિનખેતીની જમીનના સબ-પ્લોટ નંબરઃ ૭/૩, જેનું ક્ષેત્રફળ ચોરસ મીટર : ૫૦.૬૫ થાય છે. તે મિલકત સિટી સર્વે કચેરીમાં વોર્ડ નં. : ૧૫ ના શીટ નં. ૩૦૪ માં, સિટી સરવે નં. ૬૧૩૭/૧/૩ થી નોંધાયેલ છે. તે મિલકત રાજેશ વિરજીભાઈ કામડીયાની સ્વતંત્ર માલિકી, કબજા, ભોગવટાની આવેલ છે.

ઉપરોકત મિલકતના ઉત્તરોત્તરના દસ્તાવેજ પૈકી રાજેશ વિરજીભાઈ કામડીયા જોગ મુકેશ કેશવજી ચંદરીયાએ કરી આપેલ રજી. વેંચાણ દસ્તાવેજ અનુ. નં. ૬૬૫૩ તારીખઃ ૧૩-૬-૨૦૦૮ ના દિવારનો રજી. વેંચાણ દસ્તાવેજ અસલ હાલના ઉપરોકત માલિક પાસેથી ગુમ થયેલ છે, અને જે વેંચાણ દસ્તાવેજ અસલ ઘણી જ શોધખોળ કરવા છતાં મળી આવતો નથી, તથા જામનગર મહાનગર પાલિકા દ્વારા આપવામાં આવેલ કંમ્પલીશન સર્ટીફીકેટ અસલ પણ ગેરવલ્લે થયેલ અને મળી આવતું નથી અને તેનો હાલના માલિકે કોઈ દુરૂપયોગ કે ગેરઉપયોગ કરેલ નથી તેવું તેમનું જણાવવું છે.

આમ, ઉપરોકત દસ્તાવેજોની ખરીનકલો મેળવી અમોને સોંપી આપેલ હોય, તે ખરી નકલોના આધારે અમારા અસીલ દ્વારા ઉપરોકત મિલકત ખરીદ કરવામાં આવેલ છે.

ઉપરોકત અસલ વેંચાણ દસ્તાવેજ કોઈપણ વ્યકિત પાસે, કોઈપણ કારણોસર આવેલ હોય, અને તેના કારણે અથવા અન્ય કોઈપણ કારણોસર ઉપરોકત મિલકત સંબંધે કોઈપણ વ્યકિત, પેઢી, સંસ્થા, સરકારી કે અર્ધસરકારી કચેરી, બેંક કે ફાઇનાન્સ કંપનીઓને કે અન્ય કોઇનો કોઇપણ જાતનો વાંધો તકરાર હોય કે આ મિલકત પરત્વે કોઈપણ હક્ક, અધિકાર, બોજો, કરજ કે ચાર્જ અથવા કોઇપણ પ્રકારનું લેણું હોય તો તે અંગે આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિવસ-૭ (સાત) માં અમારી ઓફિસે લેખિત આધાર પુરાવા સાથે રજૂઆત કરવી. જો આ નિયત મુદતમાં કોઇ વાંધો લેવામાં નહિં આવે તો કોઇને કોઇ વાંધો તકરાર નથી અથવા હોય તો પણ તે જતો (વેધવ) કરેલ છે, અને ઉપરોકત અસલ વેંચાણ દસ્તાવેજ ગુમ થયાનું પુરતું કારણ રહેશે, અને તેમ માની અમારા અસીલ ઉપરોકત મિલકત સંબંધેની આગળની પ્રકિયા હાથ ધરશે.

ત્યારબાદ લેવામાં આવનાર કોઇ વાંધો તકરાર અમારા અસીલને બંધનકર્તા રહેશે નહિં. જેની નોંધ લેશો.

સ્થળઃ જામનગર
તારીખઃ ૧૫-૦૧-૨૦૨૬

વસંત ડી. ગોરી, એડવોકેટ-નોટરી
તે અમારા અસીલની સૂચના અને ફરમાઈશથી

:: અમારા મારફત ::
વસંત ડી. ગોરી (એડવોકેટ એન્ડ નોટરી)
દિપક એચ. નાનાણી - એડવોકેટ
ચોકસી મેન્શન, બીજા માળે, ડો. રાઠીની હોસ્પિટલની બાજુમાં, સુમેર કલબ રોડ, જામનગર.:: મો. ૯૮૨૪૨ ૧૧૬૬૭

:: જાહેર નોટીસ ::

આથી સર્વેને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, શહેર જામનગરમાં ખંભાળીયા નાકા બહાર, બહાદુર ગુલાબ બાગ પાસે આવેલ મુખ્ય ભાગ-એચ ના શીટ નં.૫ માં સર્વે નં.૫/૨-૬/૫ વાળી જગ્યા, જેને **વોર્ડ નં.૧૪ ના શીટ નં.૪૦૫ માં સિટી સર્વે નં.૧૦૧૧** આપવામાં આવેલ છે. જેનું ક્ષેત્રફળ **ચો.મી.૧૭૬.૪૪** થાય છે. જે જગ્યા ઉપર **સને ૧૯૬૦ ની સાલનું ચો.મી.૧૯૦.૪૪** જેટલા ક્ષેત્રફળનું રહેણાંક હેતુનું લોડ બેરીંગ પ્રકારનું બાંધકામ આવેલ છે. જે બાંધકામ સહિતની મિલકતના હાલના માલિકો તથા કબજેદારો **(૧)કલ્પનાબેન અતુલભાઈ અરવિંદ કોટર ઓફ વામનરાય માંકડ** સરનામુંઃ ૭૧, કેવલમ રેસિડેન્સી, પુષ્કર ધામ મેઈન રોડ, કાલાવડ રોડ, રાજકોટ **(૨)નયન વામનરાય માંકડ** સરનામુંઃ બી/૧૦૧, અખીલેશ એપાર્ટમેન્ટ, રામેશ્વર મંદિર પાછળ, સુભાષનગર, વડોદરા **(૩) જયેશ વામનરાય માંકડ** સરનામુંઃ અવનીજ, બી-૨-૨૦૨, સુંદરમ શીલ્પ, એચસીજી હોસ્પિટલ પાછળ, જામનગર રોડ,ગાયત્રીધામ સોસાયટી નજીક, રાજકોટ **(૪) ભરતકુમાર વામનરાય માંકડ** સરનામુંઃ ૐ નમઃસિવાય, ખંભાળીયા ગેઈટ બહાર, આર્ય સમાજ સામે, જામનગરવાળા પાસેથી સદરહુ બાંધકામ સહિતની જગ્યા ટાઈટલ કલીયરની શરતે ખરીદ કરવા અમારા અસીલે વેચાણ કરાર કરી અવેજ પેટે સુંગીની રકમ ચુકવેલ છે.

આ બાંધકામ સહિતની જગ્યાના સોદા સંબંધે કે આ બાંધકામ સહિતની જગ્યાના ટાઈટલ અંગે કોઈપણ વ્યકિત, બેંક, નાણાકીય સંસ્થા કે સરકારી કે અર્ધ સરકારી ઓફિસ અથવા સહકારી મંડળી કે અન્ય કોઈનું કોઈપણ પ્રકારનો હક્ક, હિસ્સો, હિત, સંબંધ, દર-દાવો કે લાગભાગ હોય કે કોઈના વારસાઈ હક્ક હોય કે સદરહુ બાંધકામ સહિતની જગ્યા ઉપર કોઈનું કોઈપણ પ્રકારનું લેણુ, ચાર્જ, બોજો કે લિયન હોય તો આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિવસ-૭(સાત) માં અમારી ઓફિસે લેખિત આધાર પુરાવા સાથે જાણ કરવી જો મુદતમાં કોઈ તરફથી વાંધા કે તકરાર લેવામાં નહી આવે તો કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર નથી અને હોય તો જતા 'વેઈવ' કરેલ છે. તેમ માની અમારા અસીલ શુદ્ધબુદ્ધિના ખરીદનાર તરીકે આ બાંધકામ સહિતની જગ્યાનો ચુકતે અવેજ વસુલ આપી પાકો રજીસ્ટર્ડ વેંચાણ દસ્તાવેજ કરાવી લેશે, ત્યારબાદ લેવામાં આવેલ વાંધા-તકરાર અમારા અસીલને બંધનકર્તા રહેશે નહીં, જેની સર્વેએ નોંધ લેવી.

સ્થળઃ જામનગર
તારીખઃ ૧૫-૦૧-૨૦૨૬

ઈમ્તિયાઝ એમ. કોચલીયા - એડવોકેટ
તે અમારા અસીલની સૂચનાથી

:: અમારા મારફત ::
ઈમ્તિયાઝ એમ. કોચલીયા - એડવોકેટ
ઓફિસ નં. ૪, રતનબાઈ મસ્જિદ સર્કલ, પ્રથમ માળે, જામનગર :: મો.૯૮૨૪૮ ૦૩૮૮૮

:: જાહેર નોટીસ ::

આથી જાહેર જનતા તથા લાગતા વળગતા તથા સંબંધકર્તા સર્વેને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, શ્રી ગુજરાત રાજ્યના જામનગર જિલ્લાના, જામનગર તાલુકાના શહેર જામનગરમાં, જામનગર નગરસીમ વિસ્તારમાં આવેલ, રે. સ. નં. ૧૬૦/પૈકી-૨/પૈકી-૧, ચો. મી. ૬૭૧૩-૦૦ વાળી જમીનનો લે-આઉટ પ્લાન મુખ્ય કારોબારી અધિકારીશ્રી, જામનગર વિસ્તાર વિકાસ સત્તામંડળ, જામનગરે તેઓના ક્રમાંક : જાવિવિસ /ટેક /૧૪૨/૫૨/૧૦/૪૪૭૧, તા.૦૮-૦૯-૨૦૧૦ ના દિવારના હુકમથી લે-આઉટ પ્લાન મંજૂર કરેલ છે, અને કલેકટરશ્રી, જામનગરે તેઓના ક્રમાંક : જમન/૨/બી.એ. /રજી.૨૦ /૧૦-૧૧, તા.૧૧-૧૦-૨૦૧૦ ના દિવારના હુકમથી રહેણાંક હેતુ માટે બીનખેતીમાં ફેરવવામાં આવેલ છે અને તે મુજબ તેમાં કુલ ૧ થી ૪૩ અલગ અલગ પ્લોટો પાડવામાં આવેલ છે. તે સમગ્ર બીનખેતીની જમીન "રાધેકિષ્ના પાર્ક-૧" તરીકે ઓળખાય છે.

તે ''રાધેકિષ્ના પાર્ક-૧''માં આવેલ એમલગેટેડ પ્લોટ નં. ૩૧ ના સબ-પ્લોટ નં. ૩૧/૬ જેનું જગ્યાનું ક્ષેત્રફળ ૧૦૫.૭૭ ચો. મી. અર્થાત ૧૧૩૮.૫૦ ચો. ફુટ થાય છે તેમાં મંજૂરી મુજબનું ૧૨૪.૨૪ ચો. મી. લોડ બેરીંગ પ્રકારનું રહેણાંક હેતુસરનું બાંધકામ કરવામાં આવેલ છે. જે બાંધકામ સહિતની મિલકત મોહિત સતિશકુમાર સુડની સ્વતંત્ર માલિકીની આવેલ છે જેઓની પાસેથી ઉપરોકત બાંધકામ સહિતની મિલકત વેચાણ લેવા માટે મારા અસીલે સુથીની રકમ ચુકવીને વેચાણ કરાર કરેલ છે.

ઉપરોકત બાંધકામ સહિતની મિલકત સંબંધે કોઈપણ વ્યકિત કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હક, હિત, હિસ્સો, સંબંધ, દર-દાવો, વારસાઈ હક્ક કે લેણું-બોજો, કરજ, અગ્રહક્ક-લીયન, ગીરો, કુલમુખત્યારનામું કરાર કે કબજા બાબતે, હક્ક બાબતે કોઈપણ જાતનો વાંધો તકરાર હોય તો તેઓએ આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિવસ-૭ માં અમારી ઓફિસે નીચેના સરનામે લેખિત આધાર-પુરાવા સાથે રજૂઆત કરવી, જાણ કરવી. જો નિયત મુદતમાં કોઈ વાંધો તકરાર લેવામાં નહીં આવે તો કોઈને કોઈપણ પ્રકારનો વાંધો-તકરાર નથી અથવા હોય તો પણ તે જતા (વેઈવ) કરેલ છે. તેમ માની અમારા અસિલ શુદ્ધબુદ્ધિના ખરીદનાર તરીકે આ બાંધકામ સહિતની મિલકતનો પોતાના જોગનો પાકો રજી. વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ લેવામાં આવનાર કોઈ વાંધો-તકરાર તેઓને બંધનકર્તા રહેશે નહીં જેની સર્વેએ સ્પષ્ટ નોંધ લેવી.

સ્થળઃ જામનગર
તારીખઃ ૧૫-૦૧-૨૦૨૬

જાગૃતિ આર. રંગપરા - એડવોકેટ
તે અમારા અસીલની સૂચનાથી

:: અમારા મારફત ::
જાગૃતિ આર. રંગપરા - એડવોકેટ
અમર સાર્વજનિક સ્કૂલ બાજુમાં, વેલનાથ સોસાયટી, હાપા જામનગર :: મો. ૯૩૨૭૬ ૯૪૯૪૫

PGVCL પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ
શહેર વિભાગ - ૨
શહેર-૨ વિભાગીય કચેરી, જૂના પાવર હાઉસ કમ્પાઉન્ડ, જેએમસી બિલ્ડીંગ સામે, લાલ બંગલા પાસે, જામનગર-૩૬૧૦૦૧
ફોન નં. (૦૨૮૮) ૨૫૫૦૩૫૫ - ૨૫૫૦૨૧૬

જેસીડીસીર//ટેક-૨/શટડાઉન/૨૫/૨૦૩ તા.૧૫-૦૧-૨૦૨૬

:: પાવર બંધ રહેવાની નોટીસ ::

આથી વીજ પુરવઠો મેળવતા અમારા માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે નીચે દર્શાવેલ વિસ્તારોમાં ૧૧ કે.વી. ફીડરોની અગત્યની મરામતની કામગીરી કરવાની હોય વીજ પુરવઠો નીચે મુજબની તારીખે અને સમયે બંધ રહેશે.

તા.૧૬-૦૧-૨૦૨૬ : તા.૨૩-૦૧-૨૦૨૬:
શુક્રવાર : સમયઃ ૦૭:૦૦ થી ૧૫:૦૦ સુધી

ખડપીઠ ફીડરઃ દિ.પ્લોટ ૪૯, ૫૧ થી ૫૬, વિશ્રામ વાડી, ઈદ મસ્જિદ વિસ્તાર, હનુમાન ટેકરી, અશ્વિજા પાનવાળી લાઈન, બાળકોના સ્મશાન વગેરે વિસ્તાર.

તા.૧૬-૦૧-૨૦૨૬: શુક્રવાર : સમયઃ ૭:૦૦ થી ૧૫:૦૦ સુધી

૧૧ કેવી યોગેશ્વર ફીડરઃ યોગેશ્વરનગર-૧,૨, યોગીધામ, રાજમોતી ૦,૧, વ્રજ વિહાર, શાંતિ વિહાર, મહાલક્ષ્મી, ન્યૂ હોસ્પિટલ વગેરે વિસ્તાર.

૧૧ કેવી શ્રીનાથ ફીડરઃ વ્રજભૂમિ-૧, મારૂતિ ટાઉનશીપ, ત્રિ-મંદિર તથા પાછળનો વિસ્તાર, શ્રીનાથ, ગ્રીનવુડ વગેર